અપીલ અરજી નં.૭૮ તા.૨–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (જન સંપર્ક)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૦–૪–૧૦ ની અરજીથી (૧) મહાનગરપાલિકાની ડાયરીમાં ટી.વી.ચેનલ તથા અખબારોના નામ કયા આધારે પ્રસિધ્ધ કર્યા છે. (૨) ક્રાંતિધર્મનું નામ કયા આધારે પ્રસિધ્ધ કરેલ નથી. (૩) બહારના અમુક અખબારોનો સમાવેશ કર્યો છે તથા ચેનલોનો સમાવેશ કર્યો છે તો અહીંના સુરતનુ સ્થાનિક ક્રાંતિધર્મનું નામ કયા કારણોસર પ્રસિધ્ધ કરેલ નથી અને આ બાબતે વહાલા દવલા ની નીતી અપનાવેલ છે તેના કારણો તથા જવાબદાર અધિકારીઓના નામ તથા ડાયરીનું ટેન્ડર બહાર પાડેલ છે કે કેમ? ટેન્ડરો કેટલા અને કોના આવેલા તેની તમામ માહિતી. (૪) એપ્રિલ–૨૦૧૦ ની ડાયરીઓ કેટલી છપાવેલ છે તથા તેનો ખર્ચ કેટલો થયેલ છે તથા છાપવા માટે તમામ ટેન્ડરોની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨–૬–૧૦ ની **SMC/FAP/** નં.૭૮/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૦–૪–૧૦ ની અરજીથી (૧) મહાનગરપાલિકાની ડાયરીમાં ટી.વી.ચેનલ તથા અખબારોના નામ કયા આધારે પ્રસિધ્ધ કર્યા છે. (૨) ક્રાંતિધર્મનું નામ કયા આધારે પ્રસિધ્ધ કરેલ નથી. (૩) બહારના અમુક અખબારોનો સમાવેશ કર્યો છે તથા ચેનલોનો સમાવેશ કર્યો છે તો અહીંના સુરતનુ સ્થાનિક ક્રાંતિધર્મનું નામ કયા કારણોસર પ્રસિધ્ધ કરેલ નથી અને આ બાબતે વહાલા દવલા ની નીતી અપનાવેલ છે તેના કારણો તથા જવાબદાર અધિકારીઓના નામ તથા ડાયરીનું ટેન્ડર બહાર પાડેલ છે કે કેમ? ટેન્ડરો કેટલા અને કોના આવેલા તેની તમામ માહિતી. (૪) એપ્રિલ–૨૦૧૦ ની ડાયરીઓ કેટલી છપાવેલ છે તથા તેનો ખર્ચ કેટલો થયેલ છે તથા છાપવા માટે તમામ ટેન્ડરોની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૨૨ તા.૭–૬–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (જન સંપર્ક) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.પીઆરઓ/આ.નં.૨૬૪ તા.૧૫–૬–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, તથા તા.૧૪–૬–૧૦ ના જન સંપર્ક અધિકારી ધ્વારા બાબત હેઠળની માહિતી પૂરક વિગતોમાં અત્રે મોકલેલ છે. પરંતુ સદર માહિતી અરજદારને પૂરી પાડયાના આધાર કે નકલ રજૂ કરેલ નથી. કે માહિતીના ઈન્કાર માટે કલમ–૮,૯ કે ૧૧ હેઠળ કોઈ અપવાદ જણાવેલ નથી.

અરજદારની તા.૨૦–૪–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કર્યા બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૫૫ તા.૨૨–૪–૧૦ થી જાહેર માહિતી અધિકારી પબ્લીક રીલેશન ઓફિસરને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે માંગેલ માહિતી અંગે કોઈ નિર્ણય ન મળ્યો હોવાથી નારાજ થઈ તા.૨–૬–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારી વિરુધ્ધ પગલા ભરવા તથા માહિતી અપાવવાની રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૪–૬–૧૦ ના રોજ પૂરી પાડેલ પૂરક વિગતોમાં (૧) મહાનગરપાલિકાની ડાયરીમાં ટી.વી.ચેનલ તથા અખબારોના નામ કયા આધારે પ્રસિધ્ધ કર્યા છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સ્થા.સ. ના તા.૫–૩–૧૦ ના ઠરાવ નં.૩૦૮/૧૦ મુજબ ડાયરીમાં નામો આમે જ કરવાની કામગીરી કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. (૨) ક્રાંતિધર્મનું નામ કયા આધારે પ્રસિધ્ધ કરેલ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર ઠરાવના મુદ્દા નં.૪ અનુસાર સમાવેશ કરવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. (૩) બહારના અમુક અખબારોનો સમાવેશ કર્યો છે તથા ચેનલોનો સમાવેશ કર્યો છે તો અહીંના સુરતનુ સ્થાનિક ક્રાંતિધર્મનું નામ કયા કારણોસર પ્રસિધ્ધ કરેલ નથી અને આ બાબતે વહાલા દવલા ની નીતી અપનાવેલ છે તેના કારણો તથા જવાબદાર અધિકારીઓના નામ તથા ડાયરીનું ટેન્ડર બહાર પાડેલ છે કે કેમ? ટેન્ડરો કેટલા અને કોના આવેલા તેની તમામ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જે કામગીરી થઈ છે તે તમામ કામગીરી ઉપરોકત ઠરાવને અનુસરી કરવામાં આવેલ છે. એટલે વહાલા દવલાની નીતિ અપનાવવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આ કામ માટે કચેરીના પીઆરઓ નં.૪૦૪/૦૯–૧૦ તા.૧૫–૧૨–૦૯ થી દૈનિક અખબારોમાં ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી ટેન્ડરો મંગાવવામાં આવેલ છે. તેના અનુસંધાને આ કામના ચાર ઈજારાદારો તરફથી તેમના ટેન્ડરો સમય મર્યાદામાં મળેલ છે. ૧. હેસ્માઆર્ટપ્રિન્ટર, ૫, પરાગ એપાર્ટમેન્ટ, મોમનાવાડ, ગોપીપુરા, સુરત. (૨) સ્તુતિ પ્રિન્ટર્સ, હિરાપન્ના એપાર્ટ, ગોપીપુરા, સુરત. (૩) જૈની પ્રિન્ટર્સ, ૧/૩૭૭૩–૭૪ વિનાયક અપાર્ટ, મોટી દેસાઈની પોળ, સોની ફળીયા, સુરત. (૪) સવિતા ઓફસેટ, ૩/૧૮–૧૯, કોટ સફીલ રોડ, નવાપુરા, વાડી ફળીયા પાસે, સુરત. (૪) એપ્રિલ–૨૦૧૦ ની ડાયરીઓ કેટલી છપાવેલ છે તથા તેનો ખર્ચ કેટલો થયેલ છે તથા છાપવા માટે તમામ ટેન્ડરોની

માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી  વર્ષ ૨૦૧૦–૧૧  ની સુરત મહાન ગર પાલિકાની ડાયરી નંગ–૧૫,૦૦૦ શ્રી હેસ્માઆર્ટપ્રિન્ટર,૫, ગોપીપુરા, સુરત પાસે છપાવવામાં આવેલ છે. જેનો ખર્ચ ૧ ૦,૨૭,૫૦૦/– થયેલ છે. તેવું જણાવેલ છે. સદર વિગત મ.જાહેર માહિતી અધિકારી અને જનસંપર્ક અધિકારીએ પૂરક વિગતોમાં જણાવેલ છે. પરંતુ અરજદારને તે માહિતી પૂરી પાડેલ છે કે કેમ તે અંગેની કોઈ વિગતો પૂરક માહિતીમાં જણાવેલ નથી. આપેલી માહિતી જોતા જાહેર માહિતી અધિકારીએ અરજદારને માહિતી પૂરી પાડેલ જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૦–૪–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં સદર માહિતી પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી જનસંપર્કને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ દંડાત્મક જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :    –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (જનસંપર્ક)... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ,